અમદાવાદના નગરજનોને રૂ. ૧૮૭ કરોડના વિકાસકાર્યોની ભેટ ધરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૯

અમદાવાદ શહેરમાં આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રૂ.૧૮૭ કરોડના વિકાસ કાર્યોની ભેટ આપી છે. મુખ્યમંત્રીએ રૂ.૧૩૬.૧૧ કરોડના લોકાર્પણ અને રૂ.૫૧.૨૫ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કર્યું હતું. જેમાં ખોખરા બ્રિજ, ચાંદખેડા વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન,. કાંકરિયા રેલ્વે ટ્રેક, નિકોલ કોમ્યુનિટી હોલ અને ગાર્ડન, પરિમલ ગાર્ડન, ૨૫ ફાયર ટેન્કરના કાર્યોનું લોકાર્પણ કરીને નગરજનોની સેવામાં કાર્યરત કરાવ્યા હતા. જ્યારે પિન્ક ટોયલેટ, દાણીલીમડામાં આકાર પામનારૂ લીલાધર કોમ્યુનિટી હોલ અને વીરમાયાનગર આવાસોનું રીડેવલપમેન્ટ કાર્ય, બાપુનગર શેલ્ટર હોમ અને ઠક્કરબાપાનગર વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનનું ખાતમુહૂર્ત કાર્ય સંપન્ન કરવામાં આવ્યું હતુ.

મુખ્યમંત્રીએ પ્રજાહિતલક્ષી કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરીને જણાવ્યું કે, જે વિકાસકાર્યોનુ ખાતમુહૂર્ત કરીએ છીએ તેનું લોકાર્પણ પણ અમે જ કરીએ તેવી કાર્યસંસ્કૃતિ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અમે અપનાવી છે.

બે દાયકા અગાઉ રાજયમાં એમએસએમઇની સંખ્યા ૨.૭૪ લાખ હતી જે આજે ૮.૬૬ લાખ થઈ છે. જ્યારે ૨૦ વર્ષ અગાઉ રાજ્યમા થતું ૧.૨૭ લાખ કરોડનું ઔદ્યોગિક ઉત્પાદન આજે ૧૬.૧૯ લાખે પહોંચ્યું છે. ગુજરાતમાં રોડ, રસ્તા, વીજળી, પાણી, જેવી પાયાની જરૂરિયાતોની સરળ કનેક્ટિવિટીની સવલતોએ ઔદ્યોગિક રોકાણકારોને આકર્ષ્યા છે. આજે રાજ્યના દરેક જિલ્લામાં લઘુ અને મોટા ઔદ્યોગિક એકમો કાર્યરત બન્યા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત બાદ તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવતા ૧૩ થી ૧૫ ઓગસ્ટ સુધી રાજ્યવ્યાપી ''હર ઘર તિરંગા'' અભિયાનમાં લોકોને જોડાવવા અનુરોધ કર્યો હતો. આ તિરંગા યાત્રામાં મુખ્યમંત્રીએ નાગરિકો સાથે ઉત્સાહભેર જોડાઈને દેશભક્તિનુ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

લોકાર્પણ અને ખાતમુહૂર્ત ના આ કાર્યક્રમમાં અમદાવાદ શહેરના મેયર કિરિટ પરમાર, સાંસદ સર્વ કિરીટ સોલંકી, હસમુખ પટેલ, નરહરિ અમીન, ધારાસભ્ય સર્વ વલ્લભભાઈ કાકડિયા, રાકેશ શાહ, બાબુભાઈ પટેલ, ડેપ્યુટી મેયર ગીતાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમીટી ચેરમેન હિતેશ બારોટ, પૂર્વ ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજા, અગ્રણી અમિતભાઈ શાહ, પ્રદિપસિંહ વાઘેલા, ધર્મેન્દ્રભાઈ શાહ, ભાસ્કર ભટ્ટ, અમદાવાદ મ્યુનિસીપલ કમિશનર લોચન શહેરા, મ્યુનિસિપલ કાઉન્સિલરઓ, પદાધિકારી-અધિકારીગણ સહિત મોટી સંખ્યામાં નગરજનોએ ઉપસ્થિત રહ્યા હતા.

હર ઘર તિરંગા અભિયાને સુષુપ્ત રાષ્ટ્રીય ચેતનાને જાગૃત કરી

કુબેર ભંડારી મંદિરના મુખ્ય વ્યવસ્થાપક રજનીભાઇ પંડ્યા

વડોદરા, તા.૦૯

કરનાળી ગામ સ્થિત કુબેર ભંડારી મંદિરના મુખ્ય વ્યવસ્થાપક રજનીભાઇ પંડ્યાએ 'હર ઘર તિરંગા' અભિયાનને આવકાર અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને શુભાશિષ આપતાં કહ્યું કે, ''આઝાદીના ૭૫ વર્ષ જયારે પૂર્ણ થયા છે, તે વખતે મોદી સાહેબના ઘર-ઘર તિરંગા અભિયાને આપણી રાષ્ટ્રીય ચેતનાને નવ જાગૃત કરી છે. ઘરે-ઘરે તિરંગો ફરકાવીને આપણે વિવિધતામાં એકતાની વિભાવના ને સાકાર કરવાની સાથે આપણા દેશની એકતાને મજબૂત કરી રહ્યા છીએ. તેમણે કુબેરેશ્વર શિવજીને પ્રાર્થના કરતા કહ્યું કે, મોદીજીના નેતૃત્વમાં આગામી વર્ષોમાં 'હર કર તિરંગો' એટલે કે દરેકના હાથમાં તિરંગો હોય તેવું અભિયાન છેડવામાં આવે તેવી અમારી શુભેચ્છાઓ. તેમણે વધુમાં ઉમેર્યું કે,''ભારત દેશ આઝાદ હતો, આઝાદ છે અને આઝાદ રહેશે. હિન્દુસ્તાન અખંડ છે, એની અખંડતા-એકતા માટે અમે કુબેરદાદાને પ્રાર્થના કરીએ છીએ અને મોદી સાહેબના દીર્ઘાયુના આશિષ આપીએ છીએ.''

અમદાવાદમાં આઈટીપીઆઈ ગુજરાત ચેપ્ટરના નવા સંશોધન કેન્દ્રનો પ્રારંભ

(પ્રતિનિધિ)અમદાવાદ, તા. ૯

ધ ઈન્સ્ટીટયુટ ઓફ ટાઉન પ્લાનર્સ, ઈન્ડિયા (આઈટીપીઆઈ) ના ગુજરાત રિજીયોનલ ચેપ્ટરના સંશોધન કેન્દ્રનો અમદાવાદમાં પ્રારંભ થયો છે. આઈટીપીઆઈએ વર્ષ ૧૯૫૧થી ટાઉન પ્લાનીંગ ક્ષેત્રની અપેક્સ રાષ્ટ્રિય સંસ્થા છે અને તે ૮,૦૦૦થી વધુ સભ્યો ધરાવે છે. આઈટીપીઆઈના પ્રેસિડેન્ટ ડો. ડીએસ મેશરામે રાજ્ય અને દેશના મોટી સંખ્યામાં ટાઉન પ્લાનર્સની હાજરી વચ્ચે આ સંશોધન કેન્દ્રનું ઉદ્દઘાટન કર્યું હતું.

દેશમાં જયારથી શહેરીકરણ મૂળભૂત વિકાસમાં યોગદાન આપીને આર્થિક વિકાસનું મુખ્ય પ્રેરકબળ બની રહ્યું છે તેમાં ટાઉન પ્લાનર્સ અને કન્ટ્રી પ્લાનર્સની મહત્વની ભૂમિકા ઉપર ભાર મૂકતાં ડો. ડીએસ મેશરામે જણાવ્યું હતું કે આઈટીપીઆઈ સાથે આશરે ૮,૦૦૦ ટાઉન પ્લાનર્સ જોડાયેલા છે. દેશમાં ૭૦ શૈક્ષણિક સંસ્થાઓ છે કે જે એન્વાયર્મેન્ટ પ્લાનીંગ, ટ્રાન્સપોર્ટેશન પ્લાનીંગ, હાઉસિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનીંગ વગેરેના અર્બન પ્લાનીંગ અને સંલગ્ન સ્પેશ્યાલાઈઝેશન તથા નોમેનકલ્ચરમાં ડીગ્રી પ્રોગ્રામ ઓફર કરી રહ્યા છે.

આઈટીપીઆઈના કાઉન્સિલ મેમ્બર અને ઈમિડિયેટ પાસ્ટ પ્રેસિડેન્ટ એન કે પટેલે જણાવ્યું હતું કે આ સંશોધન કેન્દ્ર યુવાન ટાઉન પ્લાનર્સના જ્ઞાન અને અભ્યાસમાં વૃદ્ધિ કરશે. આ સંશોધન કેન્દ્ર રાજ્ય અને દેશના ટાઉન પ્લાનીંગને પ્રોત્સાહન આપવામાં સહાયભૂત બનશે. આઈટીપીઆઈની ગુજરાત રિજીયોનલ કાઉન્સિલ શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવે છે, જે વર્કશોપ્સ અને ટ્રેનિંગ સેશન્સના આયોજનમાં સહાયરૂપ થઈ શકે તેમ છે.

પટેલ એન્જીનીયરિંગનુ Q1 FY23માં કોન્સોલિડેટેડ રેવન્યૂ ₹૯૭૩.૯૧ કરોડ વાર્ષિક ધોરણે ૪૬.૧૮%નીવૃદ્ધિ

પટેલ એન્જિનિયરિંગ લિમિટેડ ભારતમાં સૌથી વધુ એકીકૃત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બાંધકામ સેવાઓના સમૂહમાંના એકે Q1 FY23માટે તેના મર્યાદિત સમીક્ષા કરેલા નાણાકીય પરિણામોની જાહેરાત કરી છે. કામગીરી અંગે ટિપ્પણી કરતાં પટેલ એન્જિનિયરિંગ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર રૂપેન પટેલે જણાવ્યું, ક્વાર્ટર માટે કંપનીની કામગીરી અનુમાનોને વટાવી ગઈ છે અને પાછલા વર્ષના અનુરૂપ ક્વાર્ટરની સરખામણીમાં તેમાં ધરખમ સુધારો થયો છે. અમારા તમામ ક્લાયન્ટ્સ અને અમારા હિતધારકોના સમર્થન સાથે અમારા કર્મચારીઓનું સમર્પણ કંપનીને આગામી ક્વાર્ટરમાં વધુ સારું પ્રદર્શન કરવા અને મોટી સફળતા હાંસલ કરવામાં સક્ષમ બનાવશે. અમારી વર્તમાન ઓર્ડર બુક ઓલ ટાઈમ હાઈ પર છે. અમે ભવિષ્યમાં નવા ઓર્ડર મેળવવાનું ચાલુ રાખવાની અને રાષ્ટ્રના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણમાં યોગદાન આપતા રહેવાની અપેક્ષા ધરાવીએ છીએ. પરિણામ પર ટિપ્પણી કરતા, કવિતા શિરવાઈકરે, ડિરેક્ટર અને સીએફઓ જણાવ્યું, વૃદ્ધિ અને સફળતા હાંસલ કરવાની અમારી પ્રતિબદ્ધતા ચાલુ છે અને પ્રથમ ત્રિમાસિક ગાળાના પરિણામોએ ચાલુ વર્ષના પ્રદર્શનનો પાયો નાખ્યો છે. અમે પસંદગીપૂર્વક બિડ કરવાનું જાળવી રાખીશું અને વાજબી માર્જિન સાથે આત્મનિર્ભર હોય તેવા પ્રોજેક્ટ્સ લેવાનું જાળવી રાખીશું અને અમારી બિન-મુખ્ય અસ્કયામતોનું મુદ્રીકરણ કરીને દેવું ઘટાડવાના અમારા પ્રયાસોમાં કોઈ કસર છોડીશું નહીં.

ગુજરાતના ક્યૂટોન સિરામીકના

૨૫ સ્થળોએ આવકવેરાના દરોડા મોટા પ્રમાણમાં બિનહિસાબી વ્યવહારો હાથ લાગે તેવી શક્યતા

(પ્રતિનિધિ)અમદાવાદ, તા. ૯

ગુજરાતના પ્રખ્યાત ક્યૂટોન સીરામીક પ્રાઈવેટ લિમિટેડ કંપની પર આવકવેરા વિભાગના દરોડા પાડતા સિરામિક સાથે સંકળાયેલા મોટા જૂથોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. અમદાવાદ. મોરબી અને રાજકોટ સહિતના ૨૫ જેટલા વિવિધ સ્થળો પર આ દરોડા પાડવામાં આવ્યા છે. ક્યૂટોન સિરામિકની ઓફિસ શહેરના પ્રહલાદનગરના કોર્પોરેટ રોડ પર આવેલી છે ત્યાંથી શરૂઆત કરીને આઈટી વિભાગે ક્યૂટોન સીરામિક પ્રાઈવેટ લિમીટેડમાં વિવિધ સ્થળોએ તપાસ હાથ ધરી છે. વિભાગના અધિકારીઓ દ્વારા ઓફિસના લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે. ઉપરાંત ઓફિસમાં રહેલા દસ્તાવેજ ચકાસવાનું કામ શરૂ કરવામાં આવ્યુ હતું. અધિકારીઓએ આ વિશે મૌન સેવ્યુ છે ત્યારે સૂત્રોના અનુસાર મોરબીમાં અલગ અલગ ૩ જગ્યાએ આવેલા ક્યૂટોનના એકમો પર તપાસ કરવામાં આવી રહી છે.

આવકવેરા વિભાગને મોટા પ્રમાણમાં બિનહિસાબી વ્યવહારો હાથમાં આવે તેવી શક્યતાઓ સેવાઇ રહી છે. પ્રહ્લાદ નગરની ઓફિસ ખાતે વિભાગના અધિકારીઓ દ્વારા તમામ કોમ્પ્યુટરોનો હવાલો લઇ લીધો હતો અને કોઇ પણ કર્મચારીઓને ઓફિસમાં પ્રવેશવા સામે મનાઇ ફરમાવી હતી. આ ઉપરાંત ક્યૂટોન સિરામિકના ભાગીદાર ઉપર પણ આઇટી વિભાગ ત્રાટક્યુ છે. મોરબીના ઢુંવા રોડ પર વાઘસિયા ટોલ નાકા પાસે આવેલ ક્યૂટોન સિરામિક પર દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે અત્યાર સુધીમાં ક્યૂટોન સિરામિકના અનેક એકમોને સ્થગિત કરી દેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક મહિનાઓથી આવકવેરા વિભાગે ગુજરાત તરફ પોતાની બાજ નજર રાખી છે. થોડા દિવસ પહેલા આવકવેરા વિભાગ ચિરીપાલ ગ્રુપ પર દરોડા પાડીને રૂ. ૧૦૦૦ કરોડના કાળા નાણાનો પર્દાફાશ કર્યો હતો.

તેની સાથે રૂ. ૨૪ કરોડની બિનહિસાબી રોકડ, ઝવેરાત પણ જપ્ત કરવામાં આવ્યુ હતું.

જિયોએ ૧૦૦૦ શહેરોમાં 5G કવરેજનું આયોજન પૂર્ણ કરી લીધું

(પ્રતિનિધિ)અમદાવાદ, તા. ૯

દેશની સૌથી મોટી ટેલિકોમ કંપની જિયોએ ટોચના ૧,૦૦૦ શહેરોમાં 5G કવરેજનું આયોજન પૂર્ણ કરી લીધું છે અને દેશમાં જ વિકસાવવામાં આવેલા 5G ટેલીકોમ સાધનોની ફિલ્ડ ટ્રાયલ હાથ ધરવામાં આવી છે, તેમ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે તેના વાર્ષિક અહેવાલમાં જણાવ્યું છે. અહેવાલમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે (આરઆઇએલ) જણાવ્યું હતું કે જિયોએ તેની ૧૦૦ ટકા સ્વદેશી ટેક્નોલોજી સાથે પત્રદ્દલોન્ચ કરવા માટે તૈયાર થવામાં વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન વિશાળ સ્તરનાં પગલાં લીધાં હતાં. તાજેતરમાં પૂર્ણ થયેલી પત્રદ્દસ્પેક્ટ્રમની હરાજીમાં કંપનીએ સૌથી મોટી બોલી લગાવી હતી. પહેલી ઓગસ્ટ (સોમવારે)ના રોજ પૂર્ણ થયેલી ટેલીકોમ સ્પેક્ટ્રમની ભારતની અત્યાર સુધીની સૌથી મોટી હરાજીમાં ૧.૫ લાખ કરોડ રૂપિયાની વિક્રમી બીડ મળી હતી, જેમાં વેચાયેલી તમામ એરવેવ્સમાંથી મુકેશ અંબાણીની જિયોએ લગભગ અડધી એરવેવ્ઝ મેળવી હતી.

૭ ઓગસ્ટના રોજ બહાર પાડવામાં આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ''જિયોનું 5G કવરેજ આયોજન ટોચના ૧,૦૦૦ શહેરોમાં લક્ષ્યાંકિત ગ્રાહક વપરાશ અને આવકની સંભવિતતાના આધારે પૂર્ણ કરવામાં આવ્યું છે.'' રિલાયન્સ જિયો ટોચની બીડર હતી અને તેણે 4G કરતાં લગભગ ૧૦ ગણી ઝડપી, લેગ-ફ્રી કનેક્ટિવિટી ઓફર કરવા સક્ષમ પાંચ બેન્ડમાં ૨૪,૭૪૦ MHz એરવેવ્સ માટે રૂ. ૮૮,૦૭૮ કરોડની કુલ બોલી લગાવી હતી અને આ એરવેવ્ઝ થકી જિયો અબજો કનેક્ટેડ ઉપકરણોને રિયલ ટાઇમ ડેટા શેર કરવા સક્ષમ કરી શકે છે.

આપના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ આજે ફરી એક વાર ગુજરાતની મુલાકાતે

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૯

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આવતીકાલે ૧૦ ઓગસ્ટે ગુજરાતની મુલાકાતે આવશે. કેજરીવાલ ફરી એકવાર ગુજરાતની જનતાને વધુ એક ગેરંટી આપશે. અમદાવાદમાં ટાઉનહોલ કાર્યક્રમ દરમિયાન કેજરીવાલ ગુજરાતના ૨.૫ કરોડ લોકોને લાભ આપવાની ગેરંટી જાહેર કરશે.

અરવિંદ કેજરીવાલ આવતીકાલે ૧૦ ઓગસ્ટે બપોરે ૨ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પહોંચશે. આ પછી, બપોરે ૩ વાગ્યે, અરવિંદ કેજરીવાલ વૈષ્ણોદેવી સર્કલ પાસે શ્રી શક્તિ કન્વેન્શન સેન્ટર હોલ સ્થિત ટાઉન હોલ કાર્યક્રમમાં ગેરંટી જાહેર કરશે.

આ ટાઉનહોલ કાર્યક્રમ પછી કેજરીવાલ આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતાઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક કરશે અને ત્યારબાદ કેજરીવાલ રાત્રે ૯ વાગ્યે અમદાવાદથી નીકળીને દિલ્હી જવા રવાના થશે.

અગાઉ અરવિંદ કેજરીવાલે ગુજરાતની જનતાને દર મહિને ૩૦૦ યુનિટ મફત વીજળીની ગેરંટી આપી છે. આ પછી કેજરીવાલે યુવાનોને રોજગારની ગેરંટી આપી છે.

ત્યારબાદ કેજરીવાલે વેપારીઓને વાયદાઓ આપીને મહત્વની ઘોષણા જાહેર કરી હતી. અને હવે કેજરીવાલ ગુજરાતની જનતાને વધુ એક મહત્વની ગેરંટી આપવા જઈ રહ્યા છે.

લેક્ટોસ (ઇંડિયા) લિમિટેડ

સીઆઈએનએલ ૧૫૨૦૧જીજે૧૯૯૧પીએલસી૦૧૫૧૮૬

રજી. ઑફિસ: સર્વે નં ૬,વિલેજ પોઈચા (રાણીયા), સાવલી, જીલ્લો: વડોદરા, ગુજરાત: ૩૯૧૭૮૦ વેબસાઈટ:www.lactoseindia.com

ઈ-મેઈલ આઈડી,: lil@lactoseindialimited.com ટેલિફોન/ફેક્સ નં: ૦૨૬૬૭ - ૨૪૪૩૦૮

૩૦મી જૂન૨૦૨૨નાં રોજ ત્રૈમાસિક માટેનાં અનઓડિટેડ ફાઈનાન્સીયલ રીઝલ્ટસનો સારાંશ

(રૂા. લાખમાં)

અનુ. નં.	વિગત	પુરા થતા ત્રણ માસ			પુરૂ થતું વર્ષ
		૩૦-૦૬-૨૦૨૨ (અનઓડિટેડ)	૩૧-૦૩-૨૦૨૨ (ઓડિટેડ)	૩૦-૦૬-૨૦૨૧ (અનઓડિટેડ)	૩૧-૦૩-૨૦૨૨ (ઓડિટેડ)
૧	વ્યવહારોમાંથી કુલ આવક (ચોખ્ખી)	૯૬૨.૩૭	૧,૪૩૫.૦૧	૮૫૮.૮૨	૪,૫૯૩.૯૦
૨	સમયગાળા માટેનો પ્રાથમિકતાથી ચોખ્ખો નફો/ખોટ ટેક્સ પહેલા, એક્સેપ્શનલ તેમજ/અથવા એક્સ્ટ્રાઓર્ડીનરી વસ્તુઓ)	૧૦.૭૨	૩૩૮.૦૩	(૯૦.૮૫)	૩૧૬.૬૩
૩	ટેક્સ પહેલાના સમયગાળા માટેનો ચોખ્ખો નફો/ખોટ (એક્સેપ્શનલ તેમજ/ અથવા એક્સ્ટ્રા ઓર્ડિનરી વસ્તુઓ પાછળ	૧૦.૭૨	૩૩૮.૦૩	(૯૦.૮૫)	૩૧૬.૬૩
૪	ટેક્સ પછીનાં સમયગાળા માટેનો ચોખ્ખો નફો/ખોટ (એક્સેપ્શનલ તેમજ/ અથવા એક્સ્ટ્રાઓર્ડીનરી વસ્તુઓ પાછળ	૮.૭૨	૨૫૭.૦૫	(૬૫.૩૫)	૨૪૫.૧૩
૫	સમયગાળા માટેની કુલ વ્યાપક આવક (ટેક્સ પછીનાં સમયગાળા માટે સમાવિષ્ટ નફો અથવા (ખોટ) તેમજ ટેક્સ બાદની અન્ય સમાવિષ્ટ આવક)	૮.૭૨	૨૫૦.૦૦	(૬૫.૩૫)	૨૩૮.૦૮
૬	ઈક્વીટી શેર કેપિટલ(શેર દીઠ રૂા. ૧૦)	૧,૨૫૮.૯૦	૧,૨૫૮.૯૦	૧,૧૪૩.૭૦	૧,૨૫૮.૯૦
૭	શેર દીઠ કમાણી (અસાધારણ વસ્તુઓ પહેલા) (રૂા. ૧૦નો શેર) (વાર્ષિક નથી)				
	(અ) પાયાની	૦.૦૭	૨.૨૪	(૦.૫૭)	૨.૧૦
	(બ) ડાયલીટેડ	૦.૦૭	૨.૨૪	(૦.૫૭)	૨.૧૦
૮	શેર દીઠ કમાણી (અસાધારણ વસ્તુઓ પછી) (રૂા. ૧૦નો શેર) (વાર્ષિક નથી)				
	(અ) પાયાની	૦.૦૭	૨.૨૪	(૦.૫૭)	૨.૧૦
	(બ) ડાયલીટેડ	૦.૦૭	૨.૨૪	(૦.૫૭)	૨.૧૦

નોંધો:

૧ ઉપર મુજબ, ૩૦ મી જૂન, ૨૦૨૨ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના નાણાકીય પરિણામોના વિગતવાર બંધારણનો એક અર્ક છે, જે સેબી (લિસ્ટિંગ અને અન્ય જાહેરાત આવશ્યકતાઓ) રેગ્યુલેશન, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જમાં ફાઇલ કરવામાં આવ્યો છે. ૩૦ મી જૂન, ૨૦૨૨ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના નાણાકીય પરિણામનું સંપૂર્ણ બંધારણ www.bseindia.com અને www.lactoseindia.com પર ઉપલબ્ધ છે.

૨ ૩૦ જૂન, ૨૦૨૨ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના કંપનીના ઉપરોક્ત અનઓડિટેડ નાણાકીય પરિણામોની વિંયડિટ કમિટી દ્વારા સમીક્ષા કરવામાં આવી છે અને ૦૯ ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજ મળેલી બેઠકમાં નિયામક મંડળ દ્વારા માન્યતા પ્રાપ્ત રેકોર્ડ પર લેવામાં આવી છે.

૩ ઉપરોક્ત પરિણામો કોર્પોરેટ અફાઇના મંત્રાલય દ્વારા સૂચિત ભારતીય એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ (ઇન્ડિયા એએસ) નું સુસંગત છે

૪ અગાઉના ત્રિમાસિક ગાળાની તુલનાત્મક નાણાકીય માહિતીને વર્તમાન ક્વાર્ટરના આંકડાને અનુરૂપ હોવાને ધ્યાનમાં લેતા ફરીથી ગોઠવવામાં / ફરીથી ગોઠવવામાં આવી છે.

બોર્ડ વતી,
અતુલ મહેશ્વરી
મેનેજીંગ ડાયરેકટર
ડીએન: ૦૦૨૫૫૨૦૨

સ્થળ: મુંબઇ
તારીખ: ૦૯ ઓગસ્ટ, ૨૦૨૨

INEOS STYROLUTION

Driving Success. Together.

INEOS STYROLUTION INDIA LIMITED

Registered Office : 5th Floor, Ohm House-II, Ohm Business Park, Subhanpura,Vadodara - 390 023, Gujarat, India.
CIN: L25200GJ1973PLC002436
Tel. No. : +91 265 2303201, 2303202.
E mail : INSTY.secshare@ineos.com **Website :** www.ineosstyrolutionindia.com

EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED JUNE 30, 2022

(INR in Lakhs except EPS)

Sr No	Particulars	Quarter ended on June 30,2022	Quarter ended on March 31, 2022	Quarter ended on June 30,2021	For the year ended on March 31, 2022
1	Total Income from Operations	64,981.02	62,390.32	45,472.31	2,17,901.56
2	Net Profit / (Loss) for the period (before Tax and Exceptional items)	11,592.93	13,009.97	11,843.47	44,257.82
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional items)	11,592.93	13,009.97	11,843.47	44,257.82
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional items)	8,678.59	9,906.18	8,603.08	32,254.34
5	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)]	8,685.35	9,936.32	8,571.82	32,288.25
6	Equity Share Capital	1,758.56	1,758.56	1,758.56	1,758.56
7	Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year	--	--	--	83,884.75
8	Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic and Diluted	49.35	56.33	48.92	183.41

Notes:

(1) The above statements were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at their respective meetings held on August 09, 2022. The limited review report does not contain any qualification by the statutory auditors.

(2) The above is an extract of the detailed format of the financial results for the quarter ended on June 30, 2022 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.The full format of these financial results are available on the Stock Exchange websites (www.bseindia.com / www.nseindia.com) and company's website (www.ineosstyrolutionindia.com).

For INEOS STYROLUTION INDIA LIMITED
Sanjiv Vasudeva
Managing Director and CEO

Place : Vadodara
Date : August 09, 2022

OPTIMUS FINANCE LIMITED

Regd. Office : 504A, 5th Floor "OZONE" Dr. Vikram Sarabhai Marg, Vadi-Wadi, Vadodara - 390003. **CIN: L65910GJ1991PLC015044**

OPTIMUS FINANCE

EXTRACT OF STATEMENT OF CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2022

All amounts are in lakhs, unless otherwise stated.

Sr. No.	Particulars	Consolidated			
		Quarter Ended			Year Ended
		30.06.2022 (Unaudited)	31.03.2022 (Audited)	30.06.2021 (Unaudited)	31.03.2022 (Audited)
1	Total Income from operations (Net)	2399.55	1971.21	1982.81	7147.73
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and / or Extraordinary items)	246.48	154.21	114.65	510.42
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and / or Extraordinary items)	246.48	154.21	114.65	510.42
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and / or Extraordinary items)	213.42	139.28	106.91	462.72
5	Total Comprehensive Income for the period	261.22	160.92	158.99	531.32
6	Equity Share Capital (Face Value Rs.10/- per share)	557.23	557.23	557.23	557.23
7	Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year	-	-	-	1393.85
8	Earnings Per Equity Share on net profit after tax (Fully paid- up equity share of Rs. 10/- each)				
	Basic: (₹)	2.05	1.46	1.12	4.74
	Diluted: (₹)	2.05	1.46	1.12	4.74

Notes :

1. Key numbers of Unaudited Standalone Financial Results

All amounts are in lakhs, unless otherwise stated.

Sr. No.	Particulars	Standalone			
		Quarter Ended			Year Ended
		30.06.2022 (Unaudited)	31.03.2022 (Audited)	30.06.2021 (Unaudited)	31.03.2022 (Audited)
1	Turnover (Revenue from opreations)	12.07	12.39	11.88	106.36
2	Profit Before Tax	0.62	0.55	(1.76)	(4.83)
3	Profit After Tax	0.45	1.76	(1.66)	(3.63)

(In above table, brackets denotes negative figures)

2. The above is an extract of the Unaudited Financial Results filed with the Stock Exchange. The detailed Financial Results are available on the Company's website at www.optimusfinance.in and the Stock Exchange's Website at www.bseindia.com.

For Optimus Finance Limited
sd/-
Deepak V Raval
(Wholetime Director & Company Secretary)

Place : Vadodara
Date: 8th August, 2022

પશ્ચિમ રેલ્વે

મશીનથી કચડાયેલા પથ્થરનો પુરવઠો

ડીવાય. મુખ્ય ઇજનેર (બાંધકામ) I, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦૦૦૪, નીચે આપેલ વિગતો મુજબ ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે: ઇ-ટેન્ડર નંબર : Dy.CE/C/I/BRC/ANND-GDA/07. કામનું નામ: આણંદ કિમીથી સેસ પર ૫૦ મીમી મશીન ક્રશ્ડ સ્ટોન બેલાસ્ટનો પુરવઠો. ૦.૦૦ (યાર્ડ સહિત) થી ગોધરા કિ.મી. ૭૮.૮૦ (યાર્ડ સહિત) અને ડેપોમાં ''આણંદ-ગોધરા ડબલિંગ પ્રોજેક્ટ (૭૮.૮૦ કિમી)ના સંબંધમાં. અંદાજિત ખર્ચ કામ: રૂ. ૧૮,૭૭,૮૪,૧૯૫/-; જમા કરવાના બાકીના નાણાં: રૂ. ૧૦,૮૯,૦૦૦/- ; ખોલવાની તારીખ: ૧૬.૦૮.૨૦૨૨ થી: ૩૦.૦૮.૨૦૨૨ સુધી ૧૫:૦૦ કલાક સુધી. નોંધ: સમાવિષ્ટ વિગતવાર સૂચના અંગે,ઇએમડી, પાત્રતા માપદંડ, કામની સમાન પ્રકૃતિ, વિગતવાર ટેન્ડર શરતો, કૃપા કરીને www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0333

લાઇક કરોઃ facebook.com/WesternRly

JINDAL HOTELS LIMITED

(CIN No.: L18119GJ1984PLC006922)

Registered Office : Grand Mercure Vadodara Surya Palace, Sayajigunj, Vadodara - 390 020.
Tel : 0265 - 2363366 **Fax :** 0265 - 2363388 **Email :** share@suryapalace.com **Website :** www.suryapalace.com

STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30.06.2022

(₹ in Lacs)

	Particulars	For the Quarter ended 30.06.2022	For the Quarter ended 30.06.2021	For the Year ended 31.03.2022
1	Revenue from operations	1,029.69	363.90	3,039.24
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and / or Extraordinary items)	1.71	(236.86)	(308.89)
3	Net Profit / (Loss) for the period before Tax (after Exceptional and / or Extraordinary items)	1.71	(236.86)	(308.89)
4	Net Profit / (Loss) for the period after Tax (after Exceptional and / or Extraordinary items)	0.71	(241.77)	(240.29)
5	Total Comprehensive Income for the period [comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	0.00	2.20	0.01
6	Equity Share Capital	700.00	665.00	700.00
7	Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year	–	–	978.97
8	Earnings per share (of ₹ 10/- each) Basic & Diluted (Rs.)	0.01	(3.64)	(3.61)

Notes : 1. The above is an extract of the detailed format of Unaudited Financial Results of 1st Quarter ended on 30.06.2022, filed with the BSE u/s 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Result is available on the Company's Website at **www.suryapalace.com** and the BSE Website (URL of Fillings) **www.bseindia.com.**

2. The above unaudited results have been reviewed by the Audit Committee and approved by Board of Directors in their meeting held on 09.08.2022.

For JINDAL HOTELS LIMITED
Piyush D. Shah
Managing Director

Date : 09th August, 2022
Place : Vadodara